# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-06-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## આંતરાષ્ટ્રીય યોગ દિવસ:

**રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં આજે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. આ વર્ષનો યોગ દિવસ યોગા ફોર હેલ્ધી એજિંગ એટલે કે સ્વસ્થ વૃદ્ધત્વ માટે યોગ થીમ સાથે ઉજવવામાં આવ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોલકાતાના ઐતિહાસિક રેડ રોડથી યોગ દિવસની રાષ્ટ્રીયકક્ષાની ઉજવણીનું નેતૃત્વ કર્યું, જ્યાં લગભગ 35 હજાર સહભાગીઓએ તેમની સાથે યોગ કર્યા હતા. રાજ્યમાં પણ ગાંધીનગરના માણસા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેની ઉપસ્થિતિમાં યોગ દિવસ ઉજવાયો.**

**રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાના અધ્યક્ષસ્થાને ભુજ સ્મૃતિવન ખાતે જિલ્લાકક્ષાના ૧૨માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે “મિયાવાકી વન”ના આહલાદક વાતાવરણમાં યોજાયેલા કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ યોગપ્રેમીઓ જોડાયા હતા.**

**આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ જણાવ્યું કે, યોગ શારીરિક વ્યાયામ નહીં, પરંતુ જીવન જીવવાની કળા છે અને યોગ એક દિવસ માટે નહીં પરંતુ દૈનિક જીવનમાં અપનાવવો જોઇએ. તેમણે ભુજ સ્મૃતિવન ભૂકપ મેમોરીયલને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની કચ્છને ભેટ ગણાવી હતી.**

**આજે યોગ દિવસ નિમિત્તે કચ્છમાં આ જિલ્લાકક્ષાના કાર્યક્રમ ઉપરાંત, તાલુકાકક્ષા અને મહાનગરપાલિકા તથા નગરપાલિકા કક્ષાએ યોગ દિવસના કુલ ૧૦ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. નખત્રાણામાં ટી.ડી.વેલાણી હાઈસ્કૂલ, માંડવીમાં જી.એમ.બી.પોર્ટ એરીયા, અંજારમાં શ્રી મૂરલીધર આહિર બોર્ડિંગ, અબડાસામાં આદર્શ કુમાર છાત્રાલય, લખપતમાં પી.એમ.લીંબાણી સ્કૂલ દયાપર, ગાંધીધામમાં રમત-ગમત સંકુલ, મુન્દ્રામાં કોસ્ટ ગાર્ડ સ્ટેશન, ભચાઉમાં પટેલ**

બોર્ડિંગ અને રાપરમાં સ્વામીનારાયણ ગુરૂકુલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કેન્દ્રીય સંચાર બ્યુરો હેઠળના ક્ષેત્રિય કાર્યાલય ભુજ દ્વારા પણ આજે યોગ દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરાયું હતું તેમ કેન્દ્રીય સંચાર બ્યુરોના કમલ મહેશ્વરીએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## નીટ UGની પુન:પરીક્ષા:

દેશભરની સાથે કચ્છમાં પણ આજે નેશનલ એલિજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-નીટ **UG**ની પુન:પરીક્ષા યોજાઇ હતી. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે તંત્ર દ્વારા સતર્કતા દાખવવામાં આવી અને પરીક્ષા કેન્દ્રો આસપાસ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## પ્રગતિનો પ્રવેશોત્સવ:

જીલ્લામાં આગામી **23** થી **25** જૂન દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની શાળાઓમાં પ્રગતિનો પ્રવેશોત્સવનું આયોજન કરાયું છે. શિક્ષણ તંત્ર દ્વારા આ માટેની તૈયારીઓ હાથ ધરાઇ છે.

પ્રવેશોત્સવ દરમિયાન ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા પંચાયત પ્રમુખ, સાંસદ, ધારાસભ્યો, રાજ્ય કક્ષાના **17** અધિકારીઓ તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ અને પદાધિકારીઓ **110** જેટલા રૂટ પર વિવિધ શાળાઓની મુલાકાત લઈને વિદ્યાર્થીઓનો પ્રવેશ કરાવશે.

જિલ્લામાં બાલવાટિકામાં અંદાજે **34,500**, ધોરણ-**1** માં **31,500** અને ધોરણ-**9**માં **39,163** સહિત કુલ એક લાખ પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર છે. આ વર્ષે

પ્રવેશોત્સવનું મુખ્ય આકર્ષણ બેક ટુ સ્કૂલ અભિયાન રહેશે, જેના અંતર્ગત શાળા છોડી ચૂકેલા બાળકોને ફરી શાળામાં જોડવાનો વિશેષ પ્રયાસ કરાશે.

આ સાથે પ્રાથમિક શાળાઓ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અને માધ્યમિક શાળાઓના નવા ભવનોનું લોકાર્પણ પણ કરાશે.

---

## જર્જરિત ઓરડાઓ-સુરક્ષા કામગીરી:

આગામી ટૂંક સમયમાં ચોમાસું શરૂ થવાનું છે ત્યારે વરસાદી માહોલ અને ભારે પવનના કારણે શાળાઓના જર્જરિત મકાનો ધરાશાયી થવાનો ભય રહે છે. આ સ્થિતિમાં વરસાદના સમયે શાળાના બાળકો અને સ્ટાફને કોઈ નુકસાન કે જાનહાનિની દુર્ઘટના સર્જાય, તે પૂર્વે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેના ભાગરૂપે જિલ્લા પ્રોજેક્ટ કચેરી સમગ્ર શિક્ષા દ્વારા સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના બાળકોના જીવ માટે જોખમરૂપ બનેલા બાંધકામોને તાત્કાલિક હટાવવાનો નિર્ણય કરાયો હતો.

જિલ્લા પંચાયતની શિક્ષણ શાખા અને જિલ્લા વિકાસ અધિકારીના સીધા આદેશ હેઠળ કચ્છમાં કુલ **284** જર્જરિત ઓરડાઓ અને **6** કલસ્ટર રિસોર્સ સેન્ટર એટલે કે **CRC** રૂમો, તેમજ મધ્યાન ભોજન શેડ મળીને કુલ **294** જોખમી બાંધકામો તોડી પાડવા મંજૂરી અપાઇ હતી. જેમાંથી હાલ અંદાજીત **140** જેટલા જર્જરિત ઓરડાને તોડી પડવાની કામગીરી પૂર્ણ થઇ હોવાની વિગતો પ્રાપ્ત થઇ છે.

---

## દીનદયાલ પોર્ટ-જહાજનું આગમન:

ગ્લોબલ ટ્રેડ લિન્કેજ અને કનેક્ટિવિટી ક્ષેત્રે કંડલા પોર્ટના નામે વધુ એક મોટી સિદ્ધિ નોંધાઈ છે. દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા ખાતે પ્રથમ વખત 'એમવી ઇએસએલ શેકૌ'

**કન્ટેનર જહાજનું આગમન થયું છે. કંડલા ઇન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ ખાતે આ વિશાળ જહાજનું પરંપરાગત અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.**

**જહાજની ખાસિયતો પર એક નજર કરીએ તો 66,280 મેટ્રિક ટન ગ્રોસ રજિસ્ટર્ડ ટેનેજ લોડ કરેલા આ જહાજની લંબાઈ 276 મીટર છે. આંતરરાષ્ટ્રીય શિપિંગ લાઇન્સનો કંડલા પોર્ટ પર સતત વધી રહેલા વિશ્વાસને પગલે આ નવી શિપિંગ લાઇન શરૂ થવાથી વૈશ્વિક વેપારના જોડાણો વધુ મજબૂત બનશે અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્ગો કનેક્ટિવિટી ઝડપી બનશે. કંડલા પોર્ટ પ્રશાસનના જણાવ્યા મુજબ, આ પગલું માત્ર પોર્ટના વિકાસ માટે જ નહીં, પરંતુ સમગ્ર પ્રદેશના મેરીટાઇમ ગ્રોથ માટે ગેમ ચેન્જર સાબિત થશે.**

**------------------------------------------------------------------------------------------------**